આંક :-

-:: નમૂનો - અ ::-

જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ,
મું. જૂનાગઢ.

ચૂકાદાની તારીખ :- ૧૨/૦૬/૨૦૨૬.
ફોજદારી કેસ નંબર :- ૨૮૪૮/૨૦૧૯.

ગુન્હાની વિગત

ગુન્હાની કલમ	ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ.
પ્રથમ માહિતી અહેવાલ નંબર	ખાનગી ફરિયાદ છે.
પોલીસ સ્ટેશન	-
ફરિયાદ પક્ષ	શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લી. વતી તેના ઓથોરાઇઝડ ઓફિસર તથા કુલ-મુખત્યાર શ્રી મયંક બીપીનચંદ્ર જોષી, ઉ.વ.આ. ૩૨, ધંધો-નોકરી, ઠે. મેરી ગોલ્ડ કોમ્પ્લેક્ષ, બહાઉદ્દિન કોલેજની સામે, મું. જૂનાગઢ.
ફરિયાદ પક્ષ તરફે	વિ.વકીલશ્રી પી. એમ. બાબરીયા.
આરોપી પક્ષ	સુભાષભાઇ ખીમાભાઇ ઓડેદરા, ઉ.વ.આ. પુખ્ત, ધંધો-નોકરી, ઠે. માલબાપા મંદિર પાસે, સરદાર બાગ પાછળ, રહેવાસી : માણેકવાડા, તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ.
આરોપી તરફે	વિ.વકીલશ્રી કે. જે. ગૌસ્વામી.

-:: નમૂનો - બ ::-

ગુનાની તારીખ	--
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	ખાનગી ફરિયાદ છે
ચાર્જશીટની તારીખ	--
તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ	૨૫/૦૯/૨૦૧૯
પુરાવો શરૂ થયાની તારીખ	--
ચૂકાદો મુલત્વી રાખ્યાની તારીખ	૧૨/૦૬/૨૦૨૬
ચૂકાદાની તારીખ	૧૨/૦૬/૨૦૨૬
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	--

-:: આરોપીની વિગત ::-

ક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકત તારીખ	તહોમત	શું નિર્દોષ દોષિત	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો
૧	સુભાષભાઇ ખીમાભાઇ ઓડેદરા	--	--	નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮	નિર્દોષ ઠરાવી છોડી મુકયા	--	--

-:: નમૂનો - ક ::-
: સાહેદોનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
૧	૫૩	નિકુંજ વિઠ્ઠલભાઇ ગામી	ફરિયાદી

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

ક્રમ	આંક	વિગત
૧	૭૦	પાવર ઓફ એટર્નીની ખરીનકલ.
૨	૭૧	ફરિયાદ વાળો દેના બેંક, કેશોદ શાખાનો તા.૦૬/૧૨/૨૦૧૮ નો રૂા.૭,૦૦,૦૦૦/- નો અસલ ચેક.
૩	૭૨	તા.૧૩/૧૨/૨૦૧૮ ના રોજનો ચેક રીટર્ન મેમો.
૪	૭૩	ફરિયાદીએ વકીલ મારફતે તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજ આરોપીને આપેલ નોટિસની સ્થળપ્રત.
૫	૭૪	રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ.
૬	૭૫	નોટિસ મળી ગયા અંગેની પોસ્ટલ એકનોલેઝમેન્ટ સ્લીપ.
૭	૭૬	પોસ્ટલ ટ્રેકીંગ રીપોર્ટની નકલ.
૮	૭૭	આરોપીના લોન ખાતાના સ્ટેટમેન્ટની નકલ.
૯	૮૫	પાવર ઓફ એટર્નીની ખરીનકલ.
૧૦	૯૮	લોન કમ હાઇપોથીકેશન એગ્રીમેન્ટની ખરીનકલ.

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
--	--	--	--

: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :

બ. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

ક્રમ	આંક	વિગત
--	--	--

-:: ચૂ કા દો ::-

ફરિયાદ પક્ષનો કેસ :-

(૧) ફરિયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ તે ધીરાણ આપતી કાયદા મુજબ રેકોગ્નાઇઝડ થયેલ રજીસ્ટર્ડ સંસ્થા છે, તેનું કાર્યક્ષેત્ર ભારતભરમાં છે અને જૂનાગઢ બ્રાંચ ઓફિસ આવેલ છે. ધીરાણ મેળવવા ઇચ્છતા લોકોને કંપનીના નિયમો અને શરતોને આધિન દરેક પ્રકારના વાહનો ખરીદવા માટે ધીરાણ પુરૂં પાડવાની તથા આપેલ ધીરાણની રીકવરી કરવાની કામગીરી કરે છે. જૂનાગઢ બ્રાંચના ઓથોરાઇઝડ ઓફિસરને કંપની વતી કંપનીના કલાયન્ટ સામે કાયદાકીય પગલાં ભરવાના પાવર કુલ-મુખત્યારનામાથી આપેલ છે અને તે રૂએ ફરિયાદમાં ફરિયાદીની હેસિયતથી સહી કરેલ છે. આ કામના આરોપીને TATA ખરીદ કરવા ફરિયાદીનો સંપર્ક કરેલ અને આરોપીને લોનની જરૂરીયાત હોય આરોપીએ ફરિયાદી પાસે લોન મેળવવા પ્રપોઝલ મુકેલી. ત્યારબાદ કંપનીના નીતિ નિયમો અને શરતોની સમજ આપતા, સદરહુ શરતો કબૂલ મંજુર રાખી લોન મેળવવા માંગતા હોય આરોપીએ ફરિયાદી પાસેથી તા.૩૧/૧૦/૨૦૦૯ ના રોજ લોન કોન્ટ્રાકટ નં. JUNAGO910310002 થી સદરહુ વાહનની ખરીદી કરવા રૂા.૪,૨૫,૦૦૦/- ની લોન લીધેલ હતી. આરોપીએ લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટ મુજબ ઓવર ડયુના ફરિયાદીના કાયદેસરના લેણા પેટે રૂા.૭,૦૦,૦૦૦/- નો ચેક નં.૪૨૭૨૪૩, તા.૦૬/૧૨/૨૦૧૮ નો દેના બેંક, કેશોદ શાખાનો લખી આપેલો. સદરહુ ચેક આઇ.સી.આઇ.સી.આઇ. બેંક જૂનાગઢ શાખામાં જમા કરાવેલ પરંતુ સદરહુ ચેક "એકાઉન્ટ બ્લોકડ" ના શેરા સાથે તા.૧૩/૧૨/૨૦૧૮ ના રોજ રીટર્ન મેમો સાથે પરત ફરેલ. જેથી ફરિયાદીએ વકીલ મારફત તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજ આરોપીને નોટિસ આપેલ અને તાકીદ કરેલ કે સદરહુ ચેકની રકમ સમય મર્યાદામાં ચૂકવી અને પાકી પહોંચ મેળવી લેશો. સદરહુ નોટિસ આરોપીને તા.૦૪/૦૧/૨૦૧૯ ના રોજ બજી ગયેલ છે. આમ છતાં આરોપીએ ચેકમાં લખેલ લેણાં રૂપિયા ચૂકવેલ નથી કે કોઇ જવાબ આપેલ ન હોય ફરિયાદ દાખલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આરોપીએ સદરહુ ચેક ફરિયાદી કંપની ઓફિસે રૂબરૂ લખી અને સહી કરી આપેલ અને ખાત્રી અને

વિશ્વાસ આપેલ કે ચેક બેંકમાં નાખશો એટલે લેણાં રૂપિયા મળી જશે, પરંતુ આરોપીએ આપેલ ચેક ચૂકવાયા વગર બાઉન્સ થયેલ છે. આમ, આરોપીનો ઇરાદો લોનના લેણાં રૂપિયા પરત ચૂકવવાનો નથી. આમ, આરોપીએ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો સજાપાત્ર ગુનો કરેલ છે. ફરિયાદ વાળા ચેકના લેણાંનો વ્યવહાર જૂનાગઢ મુકામે થયેલ છે ફરિયાદીએ જૂનાગઢ શાખામાં ચેક જમા કરાવેલ હોય, આ કામ ચલાવવા નામદાર કોર્ટને હકૂમત છે. તેમજ હાલની ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે. જેથી હાલની ફરિયાદ લાવી આરોપી સામે ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ તહોમત ફરમાવી આરોપીને સખ્ત નશ્યત કરવા તેમજ વળતર સહિત અપાવી શકાતી તમામ દાદ અપાવવા અરજ કરેલ છે.

<u>આરોપીની હાજરી અને પ્લી :-</u>

(૨) આરોપીને સમન્સ બજતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા તેઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૭ મુજબ ફરિયાદ અને તેની સાથેના પેપર્સની નકલ પુરી પાડયા બાદ આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૧ મુજ આંક-૧૪ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આરોપીએ ગુનાનો ઇન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

<u>ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :-</u>

(૩) ફરિયાદીએ તેઓની ફરિયાદના સમર્થનમાં નમૂના ‘ક’ (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે અને ફરિયાદી તરફે આંક-૯૯ થી પુરાવો પુરો થયાનું કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

<u>બચાવ પક્ષ ધ્વારા રજુ પુરાવો :-</u>

(૪) બચાવ પક્ષે પોતાના બચાવના સમર્થનમાં કોઇ મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ નથી.

(૫) <u>ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :-</u>

આ કામે પુરાવાના અંતે આરોપીનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૩૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઇન્કાર કરી, બચાવમાં સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઇન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ લોન ચૂકવી આપેલ હોવા છતાં વધારાના નાણાં માટે સિકયુરીટીનો ચેકનો ઉપયોગ કરી ખોટી રકમની નોટિસ આપી ટાઇમ લીમીટ બહારનું લેણું દર્શાવી ખોટી ફરિયાદ કરેલ છે, તેઓ તદન નિર્દોષ છે.

દલીલો :-

(૬) સદર કામે ફરિયાદ પક્ષે તેઓના વિ.વકીલશ્રી પી. એમ. બાબરીયાએ આંક-૧૦૨ થી લેખિત દલીલ રજુ કરેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. જયારે આરોપી તરફે વિ.વકીલશ્રી કે. જે. ગૌસ્વામીની મૌખિક દલીલો સાંભળી.

(૭) પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો અને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપિસ્થત થયા છે.

-:: મુદાઓ ::-

૧.	શું ફરિયાદી શંકારહિત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદી કંપનીમાંથી વાહન ખરીદ કરવા લોન મેળવેલ અને લોનનું કાયદેસરનું લેણું ચૂકવવા માટે તેઓ ધ્વારા નિભાવવામાં આવતા દેના બેંક, કેશોદ શાખાનો ચેક નં.૪૨૭૨૪૩, રૂા.૭,૦૦,૦૦૦/-, તા.૦૬/૧૨/૨૦૧૮ નો તેઓની સહી કરી ફરિયાદીને આપેલ, જે ચેક "એકાઉન્ટ બ્લોકડ" ના શેરા સાથે પરત ફરતા ફરિયાદીએ કાનૂની નોટિસ આપેલ હોવા છતાં રીટર્ન થયેલા ચેકની રકમ નિયત સમયમાં નહીં ચૂકવીને આરોપીએ ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે ?
૨	શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદા નં.(૧) : નકારમાં.

મુદા નં.(ર) : આખરી હુકમ મુજબ.

-:: કા ર ણો ::-

મુદા નં.(૧) તથા (ર) :-

(૯) વટાઉખત અધિનિયમ અંતર્ગતના ગુના માટે જરૂરી તત્વો અને કાયદાના મુળભુત સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે આરોપી વિરૂધ્ધના ધ નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર કૃત્ય કરેલ હોવાનો આક્ષેપ હોય ત્યારે ફરિયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાથી નીચે જણાવ્યા મુજબના તત્વો પુરવાર કરવા જરૂરી છે.

(એ) રીટર્ન થયેલ ચેક આરોપી ધ્વારા નિભાવવામાં આવતા કોઇ બેંક ખાતાનો ચેક હોવો જોઇએ.

(બી) આવો કોઇ ચેક કાયદેસર રીતે વસૂલી શકાય તેવા દેવા અથવા જવાબદારીની સંપૂર્ણ કે અંશત: ચૂકવણી માટે આપેલ હોવો જોઇએ.

(સી) આવો ચેક ત્રણ મહિના અથવા વેલીડી પીરીયડ બેમાંથી જે પહેલું હોય તે સમયગાળામાં બેંકમાં રજુ થયેલ હોવો જોઇએ.

(ડી) આવો ચેક અપુરતા ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતા વધુ રકમ ન હોવાના કારણે વગર ચૂકવણીએ પરત થયેલ હોવો જોઇએ.

(ઇ) આવો ચેક વગર ચૂકવેલ પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર નોટિસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની જાણ કરવી જોઇએ.

(એફ) આવી રકમની માંગણી કરતી નોટિસ ચેક લખનારને મળ્યાના ૧૫ દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચૂકવણી ન કરે તો તેને એક માસમાં ચેકનો પે અથવા હોલ્ડર ઇન ડયુ કોર્સ હોય તેને ફરિયાદ કરેલ હોવી જોઇએ.

(૧૦) ઉપરોકત પેરામાં જણાવ્યા મુજબ જોગવાઇઓનું પાલન થયેલ છે તે બાબત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર છે. સદરહુ તમામ હકીકત પુરવાર કરવા માટે સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ ફરિયાદમાં જણાવેલ હકીકતો કોઇપણ પ્રકારની શંકાથી પર પુરવાર કરવી જરૂરી બને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચૂકાદા ૨૦૦૮(૨) ક્રિમીનલ લો-જનરલ ૬૬૩, કે. પ્રકાશન વિરૂધ્ધ પી. કે. સુરેન્દ્રના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૩ માં કરવામાં આવેલ સાબિતી અંગેની જોગવાઇ મુજબ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ની જોગવાઇ મુજબની હકીકતો ફરિયાદીએ નિ:શંકપણે સાબિત કરવી જોઇએ. સદરહુ હકીકતોનું સાબિતીનું ધોરણ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ શંકાથી પર હોવું જોઇએ. ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ થી કરવામાં આવેલ જોગવાઇઓનું પાલન પુરવાર થયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઇ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, પરંતુ તેમ છતાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ થી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાની જવાબદારી તથા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ ના વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન) થી વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલ છે, એટલે કે વણચૂકવેલ રકમ પરત આવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો ન હતો તે પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર (આરોપી) ઉપર રહે છે. જેથી આરોપી વિરૂધ્ધનો પુરાવો જયાં સુધી રજુ ન કરે એટલે કે

ખંડનાત્મક પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધનું અનુમાન અદાલતે કરવું જોઇએ તે મુજબની કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લઇ આ કામે પડેલ પુરાવા અને કરવામાં આવેલ દલીલને અનુસંધાને સમગ્ર રેકર્ડ વંચાણે લેતા, આ અદાલતના મંતવ્ય મુજષ્બ તથા તથા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઇઓ મુજબની હકીકતો એટલે કે ચેક તેની કાયદેસરની સમય મર્યાદામાં બેંકમાં ચૂકવણી અર્થે રજુ થવો જોઇએ, ચેક કાયદેસરના લેણાં અથવા જવાબદારી પેટે લખાયેલ છે તથા ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે તથા ચેક પરત ફર્યા બાદ નોટિસ આપવામાં આવેલ છે અને તે નોટિસ આરોપીને મળી ગયેલ છે તે બાબતનો પુરાવો અદાલતના રેકર્ડ ઉપર રજુ કરવાની જવાબદારી ફરિયાદીની છે અને ફરિયાદી જયાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી આ અદાલત ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઇ મુજબ ફરિયાદીની તરફેણમાં એટલે કે, ચેકના ધારણ કરનારની તરફેણમાં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવું ઇચ્છતા હોય કે, અદાલત ફરિયાદીની તરફેણમાં કલમ-૧૩૯ મુજબનું અનુમાન કરે તો ફરિયાદીએ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઇ મુજબની હકીકતો પુરવાર કરવી જોઇએ. વધુમાં સદર અધિનિયમની કલમ-૧૩૮ અન્વયે શરૂઆતની ઉપરોકત હકીકતો જેવી કે ચેકનું એકઝીકયુશન, ફરિયાદી જ આવા ચેકના પેઇ કે હોલ્ડર ઇન ડયુ કોર્ષ છે જેવી હકીકત ફરિયાદી સાબિત કરે તો અદાલતે આરોપી વિરૂધ્ધ કેટલાક અનુમાનો કરવાના રહે છે. જે અનુમાનો કાયદા ધ્વારા કરવામાં આવેલ અનુમાનો છે અને તે મુજબના અનુમાન કરવા માટે કોર્ટ કાયદા ધ્વારા બંધાયેલી છે, પરંતુ તે અનુમાનો ખંડનાત્મક અનુમાનો હોય, તે અનુમાનોનો ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલ છે, જે અનુમાનોનું ખંડન બચાવ પક્ષે પોતાના સંભવિત અને માની શકાય તેવા બચાવ રજુ કરી કરવાનો છે. આવો બચાવ રજુ કરવા માટે બચાવ પક્ષે જાતે કોઇ પુરાવો રજુ કરવાની કે સાક્ષી તરીકે જુબાની આપવાની આવશ્યકતા રહેતી નથી. બચાવ પક્ષે આવો બચાવ ફરિયાદ પક્ષના

પુરાવા પરથી શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવી કરી શકે છે. સંભવિત બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સૂચનો કરવા તેવો થતો નથી, પરંતુ આવો સંભવિત બચાવ એવી રીતે રજુ થવો જોઇએ કે જેના આધારે સામાન્ય સમજણશકિત વાળો વ્યકિત તે બચાવને સંભવિત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે તેમજ બચાવ પક્ષે જે સૂચનો કરેલ હોય તેના સમર્થનમાં થોડા ઘણા અંશે પુરાવો રેકર્ડ પર આવેલ હોવો જોઇએ, પરંતુ સમર્થન કરતા કોઇ આધાર પુરાવા સ્વિાયના માત્ર સૂચનોને સંભવિત બચાવ માની શકાય નહીં.

Hon'ble Supreme Court in the case of Rangappa v. Sri Mohan (2010) 11 SCC 441, has reiterated and summarised the principles relating to presumptions under Sections 118 and 139 of the NI Act and rebuttal thereof in the following:-

"26. In the light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it is based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttal presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the complainant.

27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments.

While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonor of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant-accused cannot be expected to discharge an unduly high standard of proof.

28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."

On the aspects relating to preponderance of probabilities, the accused has to bring on record such facts and such circumstances which may lead the Court to conclude either that the consideration did not exist or that its non- existence

was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea that the consideration did not exist. This Court has, time and again, emphasized that though there may not be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet mere denial would not fulfill the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act.

Hon'ble Supreme Court has stated the principles in the case of Kumar Exports (supra) as follows:

"20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non- existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To

disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, therefore, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue."

Hon'ble Supreme Court in the case of Baslingappa vs. Mudibasappa having -noticed the ratio laid down by the

Hon'ble Supreme Court in various cases on Sections 118(a) and 139, have now summarise the principles enumerated in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 ***imposed an evidentiary burden and not a persuasive burden.***

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

(૧૧) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઇ તથા નામદાર સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જો ચેક ધારક ચેક આરોપીના ખાતાનો હોવાનું, ચેક પર આરોપીની સહી હોવાનું અને જે વ્યવહાર માટે ચેક આપવામાં આવેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર થયો હોવાની શરૂઆતની હકીકત પુરવાર કરે તો ફરિયાદની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનું રહે છે કે, ચેક દેવા કે જવાબદારીના સંપૂર્ણ કે અંશત:

ચૂકવણી માટે આપવામાં આવેલ હતો. અત્રે એ હકીકત નોંધવી ખૂબ જરૂરી છે કે, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો ખંડનાત્મક અનુમાનો હોય અને તે અનુમાનોનું ખંડન બચાવ પક્ષે પોતાના માની શકાય તેવા પુરવાા ધ્વારા અથવા તો એવા સંજોગોનું અસ્તિત્વ રેકર્ડ પર લાવીને કરવાનું રહે છે કે જેના આધારે સામાન્ય સમજ શકિતવાળો માણસ એવું માની શકે કે આવો ચેક કોઇ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહીં અથવા તો ફરિયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તિત્વ માની શકાય તેમ નથી, પરંતુ તે ખંડન કરવા માટે આરોપીને પોતાને સાહેદ તરીકે તપાસવાની આવશ્યકતા નથી કે પોતે પુરાવો રજુ કરવાની જરૂર નથી. આરોપી આવા અનુમાનનું ખંડન ફરિયાદ પક્ષ ધ્વારા રજુ પુરાવાથી પણ કરી શકે છે, જે સિધ્ધાંતને ધ્યાનમાં રાખી હાલના કેસમાં રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૧૨) ફરિયાદીની ફરિયાદ મુજબ આરોપીએ વાહન ખરીદ કરવા માટે લોનની માંગણી કરેલી, જે મુજબ ફરિયાદી કંપની સાથે હાઇપોથીકેશન લોન એગ્રીમેન્ટ કરેલ અને તે અનુસાર આરોપીને વાહન ઉપર લોન આપેલી અને આરોપીએ ઉપરોકત લોનના કાયદેસરના લેણાં પેટે ફરિયાદી કંપનીને ચેક નં.૪૨૭૨૪૩, તા.૦૬/૧૨/૨૦૧૮ નો રૂા.૭,૦૦,૦૦૦/- નો દેના બેંક, કેશોદ શાખાનો લખી આપેલ. જે ચેક ફરિયાદી બેંકમાં જમા કરાવતા ''એકાઉન્ટ બ્લોકડ'' ના શેરા સાથે પરત આવેલ. જેથી નોટિસ કરવા છતાં આરોપીએ સમય મર્યાદામાં રકમ નહીં આપતા હાલની ફરિયાદ કરેલ છે. આ હકીકત સંબંધે ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇએ તો ફરિયાદી નિકુંજ વિઠૃલભાઇ ગામીએ આંક-૫૩ થી સરતપાસનું સોગંદનામું રજુ કરી પુરાવો આપેલ છે. સદરહુ પુરાવામાં ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલ હકીકતોનો પુનરોચ્ચાર કરેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરી ચર્ચા કરવાનું ઉચિત જણાતું નથી. ફરિયાદીની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ

તા.૦૫/૧૧/૨૦૧૯ થી ફાઇનાન્સ કંપનીમાં નોકરી કરે છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની સંસ્થા કંપનીના કાયદા હેઠળ નોંધાયેલ સંસ્થા છે અને તેઓની હેડ ઓફિસ મુંબઇ મુકામે આવેલ છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઇપણ માણસને ઓથોરીટી આપવામાં આવે તો મીટીંગમાં ઠરાવ કરીને. આપવામાં આવે છે, તેઓને કોઇ મીટીંગનો ઠરાવ આપેલ હોય તેવો ઠરાવ તેઓએ આ કામે રજૂ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને લોન આપવા માટેની કોઇ પ્રપોઝલ આ કામે રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લોનની મંજૂરીની કાર્યવાહી જૂનાગઢ મુકામેથી થાય છે અને સદર લોન તા.૩૧/૧૦/૨૦૦૯ ના મંજૂર થયેલ છે અને સદર લોન વાહન ખરીદી કરવા માટેની હતી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર લોન રૂા.૪,૨૫,૦૦૦/- ના ૨૯ હપ્તાની હતી તેમાંથી આરોપીએ પાંચ હપ્તા ભરેલ છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લોનનો અંગેનો જયારે કોન્ટ્રાકટ થયેલ ત્યારે તેઓની હાજરી ન હતી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીનો જે ચેક રીટર્ન થયેલ છે તે ચેકની તા.૦૬/૧૨/૨૦૧૮ લખેલ છે અને લોન અપાયાની તારીખ અને ચેકની તારીખ વચ્ચે છ વર્ષ ઉપરાંતનો સમય છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ચેકમાં લખેલી રકમ રૂા.૭,૦૦,૦૦૦/- છે અને આંક-૭૩ વાળી લીગલ નોટિસ રૂા.૯,૦૦,૦૦૦/- ની છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને ચેક મુજબની રકમની નોટિસ આપવામાં આવેલ નથી અને કેસ દાખલ કર્યો અને નોટિસ આપેલ તે વચ્ચેના સમયગાળા દરમિયાન કોઇ સુધારા નોટિસ આરોપીને આપેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીના આંક-૭૭ વાળા એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં નવ લાખ રૂપિયા બાકી હોય તેવો કોઇ ઉલ્લેખ નથી અને તેઓ આરોપી પાસે નવ લાખ રૂપિયા માંગતા નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઇ આસામી વાહનના હપ્તા ભરવામાં ચૂક કરે તો તેનું વાહન સીઝ કરવામાં આવે છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આ લોનમાં તેઓએ વાહન સીઝ કરેલ નથી. આ કામમાં આરોપીએ હપ્તો ભરવાનું તા.૧૬/૦૭/૨૦૧૦ પછીથી બંધ કરેલ છે અને ત્યારબાદ

તેઓએ કોઇ લેખિતમાં કાર્યવાહી કરેલ હોય તેવા કોઇ દસ્તાવેજો આ કામે રજૂ કરેલ નથી. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદ, વેરીફીકશનના સોગંદનામા કે સરતપાસના સોગંદનામામાં આરોપી પાસે રૂા.૯,૦૦,૦૦૦/- માંગતા હોય તેવું લખેલ નથી અને રકમની તફાવત છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓની કંપની પાસેથી આરોપીએ નોટિસ મુજબની કોઇ લોન લીધેલ નથી.

(૧૩) આ કામે ફરિયાદ પક્ષ ધ્વારા ફરિયાદી સિવાય અન્ય કોઇ સાહેદ તપાસેલા નથી. બચાવ પક્ષ તરફે પણ કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. આ કેસમાં રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ફરિયાદમાં રજુ થયેલ ચેકમાં આરોપીની સહી બિનતકરારી છે ત્યારે નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ મુજબ અનુમાન ફરિયાદીની તરફેણમાં રહેલ છે અને તેને પ્રોબેબલ ડીફેન્સથી રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની રહે છે. જેથી હાલના કેસમાં આરોપી પક્ષે લીધેલ બચાવથી અનુમાન રીબર્ટ કરેલ છે કે કેમ ? તે સંદર્ભમાં વિશેષ ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૧૪) નામદાર સુપ્રીમ કોર્ટના Kali Ram Vs. State of Himachal Pradesh, 1973 - 2 SCC 808 ના ચૂકાદામાં નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

23. Observations in a recent decision of this Court, Sjovaji Sahabrao Bobada & Anr. v. State of Maharashtra to which reference has been made during arguments were not intended to make a departure from the rule of the presumption of innocence of the accused and his entitlement to the benefit of reasonable doubt in criminal cases. One of the cardinal principles which has always to be kept in view in our system (1) Cr. App.Ho.26 of 1970 decided on August 27, 1973 of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by

the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused, but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist, the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true, the accused would be entitled to acquittal.

(૧૫) ઉપરોકત ચૂકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવ્યા મુજબ ક્રિમીનલ ટ્રાયલમાં હંમેશા પુરાવાનું બર્ડન ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે. જે કાયાદામાં અનુમાન કરવાની જોગવાઇ છે તેમાં પણ પ્રાથમિક તબકકે પુરાવો આપવાની જવાબદારી ફરિયાદ પક્ષના શિરે રહેલી છે તેમજ આરોપી ઉપર રહેલ પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલ બોજા જેટલો ભારે હોતો નથી. હાલના કેસમાં ફરિયાદ પક્ષે જે ફરિયાદ તથા સરતપાસનો પુરાવો રજુ થયેલ છે, તે સમગ્ર વંચાણે લેવામાં આવે તો, આરોપીએ ફરિયાદી કંપનીમાંથી લોન લીધેલ હોવા અંગે અને સિકયુરીટી પેટે ચેક આપેલ હોવાની હકીકત અંગે કોઇ તકરાર નથી, પરંતુ બચાવ પક્ષે મુખ્યત્વે બચાવ લોનની રકમ ચૂકવી આપેલ હોવા છતાં વધારાના નાણાં માટે સિકયુરીટીના ચેકનો દુરૂપયોગ કરી ખોટી

રકમની નોટિસ આપી ટાઇમ લીમીટ બહારનું લેણું દર્શાવી ખોટી ફરિયાદ કરેલ હોવાની તકરાર લીધેલ છે ત્યારે તે સંબંધિત પુરાવાની ચર્ચા કરવી જરૂરી બની રહે છે. સૌપ્રથમ તો હાલના ફરિયાદીને ફરિયાદ અંગે સત્તા આપેલ હોવા અંગે આંક-૧૩ થી કુલ-મુખત્યારનામાની ખરીનકલ રજૂ થયેલ છે, જે જોવામાં આવે તો તે નિકુંજ વિઠ્ઠલભાઇ ગામીના નામે આપવામાં આવેલ હોવાનું જણાય આવે છે. ફરિયાદીએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કોઇપણ માણસને ઓથોરીટી આપવામાં આવે તો તે મીટીંગમાં ઠરાવ કરીને આપવામાં આવે છે તેવો કોઇ ઠરાવ આ કામે રજૂ કરેલ નથી. જયારે કોઇપણ વ્યકિતને કાર્યવાહી કરવા સબબ પાવર આપવાના હોય ત્યારે તે અંગેનો કંપનીમાં ઠરાવ કરવામાં આવે છે. જયારે હાલના કેસમાં ફરિયાદીને ફરિયાદ કરવા સબબ કંપનીમાં ઠરાવ કરીને સત્તા આપવામાં આવેલ હોય તેવો કોઇ જ ઠરાવ રજૂ કરવામાં આવેલ નથી. જેથી સદરહુ ફરિયાદીને હાલની ફરિયાદની કાર્યવાહી કરવા લોકસ સ્ટેન્ડી ન હોવાનું આરોપી તરફે જણાવવામાં આવેલ છે, જે લગત ફરિયાદી તરફે ૨૦૨૩ લાઇવ લો (એસ.સી.) ૧૨૧, મીતા ઇન્ડીયા પ્રા.લી. વિરૂધ્ધ મહેન્દ્ર જૈનના ચૂકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહુ ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા ફરિયાદીને જો યોગ્ય રીતે કુલ મુખત્યારનામું અપાયેલ હોય ત્યારે તે પાવરમાં જણાવેલ તમામ કાર્યો કરવાની પાવરદાર તરીકે સત્તા મળે છે. વધુમાં ફરિયાદી તરફે પોતાની દલીલના સમર્થનમાં ૨૦૧૪ એસટીપીએલ (વેબ) ૪૯૦ સુ.કો. નો ચૂકાદો રજૂ કરેલ છે, જે ચૂકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્રા પ્રસ્થાપિત કરેલ છે કે, કુલ-મુખત્યારનામું હોય ત્યારે પણ જો તે કુલ-મુખત્યારનામામાં પાવર ડેલીગેટ કરવાની સત્તા આપવામાં આવેલ હોય ત્યારે જનરલ પાવર ઓફ એટર્ની હોલ્ડર પર પાવર ડેલીગેટ કરવા સક્ષમ બની શકે છે. ઉપરોકત સિધ્ધાંત સાથે અત્રેની અદાલત માનસહ સહમત છે, પરંતુ હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો ફરિયાદ કરવાની સત્તા હાલના ફરિયાદીને કંપની સેક્રેટરી દ્રારા આપવામાં આવેલ છે તેમજ તેઓને બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્રારા સીધીસીધો ફરિયાદીને પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ હોય તેવી હકીકત પણ તેઓ દર્શાવી શકેલ નથી.

વધુમાં વધુમાં આંક-૮૫ થી રજૂ થયેલ કુલ-મુખત્યારનામું વંચાણે લઇએ તો પાવર ઓફ એટર્ની કંપની સેક્રેટરી દ્વારા આપવામાં આવેલ છે. વધુમાં ફરિયાદી એવી હકીકત પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે કંપની સેક્રેટરીને આવો પાવર ઓફ એટર્ની કંપનીના ડીરેકટર્સ વતી આપવાની સત્તા રહે છે. તેમજ *Delegata potestas non potest delegari* મેકઝીમ ધ્યાને લેવામાં આવે તો કોઇપણ કંપનીના ડીરેકટર દ્વારા જો કંપની સેક્રેટરીને પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ હોય, તો તેઓ તે પાવર ઓફ એટર્નીને આધારે અન્યને પાવર આપી શકે નહીં. તેમજ જો કંપની ડીરેકટર દ્વારા કંપની સેક્રેટરીને પાવર ઓફ એટર્ની આપવામાં આવેલ હોય અને તે પાવરમાં જે અન્યને પાવર આપી શકાય તેવો ઉલ્લેખ કરવામાં આવેલ હોય, તો અને તો જ પાવરદાર અન્યને પાવર આપી શકે છે તેમ આ અદાલતનું માનવું છે. આ તબકકે ૨૦૧૫ લો-સ્યુટ (સુ.કો.) ૩૭૨ પી. પ્રમીલા તથા અન્યો વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક તથા અન્યના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તેમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

"The power to file the complaint could not be exercised by any other authority/officer. Under the principle of 'delegatus not potest delegare', the delegatee (the Chairman of the Board) could not have further delegated the authority vested in him, except by a clear mandate of law."

(૧૬) ઉપરોકત ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે હાલના કેસની હકીકત જોવામાં આવે તો ફરિયાદીને કંપનીના ડીરેકટર્સ દ્વારા સીધેસીધો કોઇ જ પાવર આપવામાં આવેલ નથી તેમજ કંપની સેક્રેટરીને આવા પાવર ડેલીગેટ કરવાના અધિકાર આપવામાં આવેલ હોય તેવી પણ કોઇ હકીકત ફરિયાદ પક્ષ પ્રતિપાધિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી હાલના ફરિયાદીને ફરિયાદી કંપની સેક્રેટરી દ્વારા કંપની વતી પાવર ઓફ એટર્ની આપી શકાય તેવી હકીકત પ્રસ્થાપિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ

ગયેલ હોય ફરિયાદીએ રજૂ કરેલ ચૂકાદો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો ન હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું છે. આમ, જયારે ફરિયાદીને આપવામાં આવેલ પાવર ઓફ એટર્ની યોગ્ય રીતે અપાયેલ ન હોય ત્યારે ફરિયાદીને ફરિયાદ કરવાની લોકસ સ્ટેન્ડી ન હોવાનું આ અદાલતનું નમ્રપણે માનવું છે. વધુમાં કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત પણ રહેલ છે કે, મુળ માલિક દ્વારા કુલ-મુખત્યારનામું આપવામાં આવેલ હોય ત્યારે મુળ માલિક દ્વારા જાતે પુરાવો રજૂ કરવો જોઇએ, પરંતુ આ કામે મુળ માલિક એટલે કે કંપનીના ડાયરેકટર કે સેક્રેટરી દ્વારા કોઇ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

(૧૭) વધુમાં ફરિયાદીએ તેની આંક-૧ ની ફરિયાદમાં આરોપીએ વાહન ખરીદી કરવા તા.૩૧/૧૦/૨૦૦૯ ના રોજ રૂા.૪,૨૫,૦૦૦/- ની લોન લીધેલ હતી અને લોનના એકાઉન્ટના સ્ટેટમેન્ટ મુજબ ઓવર ડયુરના કાયદેસરના લેણા પેટે આપેલ ચેક તા.૦૬/૧૨/૨૦૧૮ નો રૂા.૭,૦૦,૦૦૦/- નો આરોપીએ લખી આપેલો તેવું જણાવેલ છે. બચાવ પક્ષ તરફેની ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકત સ્વીકારેલી છે કે, સદર લોન રૂા.૪,૨૫,૦૦૦/- ની ૨૯ હપ્તાની હતી અને તેમાંથી આરોપીએ પાંચ હપ્તા ભરેલ છે. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, ચેકમાં લખેલી રકમ રૂા.૭,૦૦,૦૦૦/- છે અને આંક-૭૩ વાળી લીગલ નોટિસ રૂા.૯,૦૦,૦૦૦/- ની આપેલ છે. આંક-૭૧ થી રજૂ થયેલ ચેક ધ્યાને લેવામાં આવે તો આરોપીએ રૂા.૭,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ પુરા) નો ફરિયાદી જોગ તા.૦૬/૧૨/૨૦૧૮ ના રોજનો ચેક લખી આપેલ હોવાનું જણાય આવે છે. જયારે આંક-૭૩ થી રજૂ થયેલ લીગલ નોટિસ ધ્યાને લઇએ તો તેમાં પેરા-૨ માં ‘‘તમોએ તમારી લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટ મુજબ ઓવર ડયુના લેણાં પેટે આપેલ ચેક નં.૪૨૭૨૪૩, તા.૦૬/૧૨/૨૦૧૮ નો રૂા.૯,૦૦,૦૦૦/- અંકે રૂપિયા નવ લાખ પુરાનો...’’ તેવું દર્શાવેલ છે. આમ, ફરિયાદીની ફરિયાદ, વેરીફીકેશન અને સરતપાસના સોગંદનામામાં રૂા.૭,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા સાત લાખ પુરા) નો ચેક આપેલ હોવાનું જણાવવામાં આવેલ છે, જયારે આંક-૭૩ ની ફરિયાદ દાખલ કરતા પૂર્વે આપેલ કાનૂની નોટિસ જોવામાં આવે તો તેમાં રૂા.૯,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા નવ લાખ પુરા) ની

ડીમાન્ડ કરવામાં આવેલ છે. વધુમાં ફરિયાદીએ ઉલટતપાસમાં એ હકીકત સ્પષ્ટ કબૂલ રાખેલ છે કે, આરોપીને ચેક મુજબની રકમની નોટિસ આપવામાં આવેલ નથી અને કેસ દાખલ કર્યો અને નોટિસ આપેલ તે વચ્ચેના સમયગાળા દરમિયાન તેઓએ કોઇ સુધારા નોટિસ આપેલ નથી અને આંક-૭૨ વાળા એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં નવ લાખ રૂપિયા બાકી હોય તેવો કોઇ ઉલ્લેખ નથી અને તેઓ આરોપી પાસે નવ લાખ રૂપિયા માંગતા નથી. જેથી ફરિયાદીનું લેણું રૂા.૯,૦૦,૦૦૦/- ન હોવા છતાં ફરિયાદી ધ્વારા અપાયેલ કાનૂની નોટિસમાં રૂપિયા ૯ લાખ દર્શાવેલ છે અને ચેક, ફરિયાદ અને સરતપાસના પુરાવામાં રૂપિયા ૭ લાખ દર્શાવેલ છે અને ત્યારબાદ સદર કામે તે સંબંધિત કોઇ ખૂલાસો રજૂ રાખેલ નથી. ફરિયાદી તરફે લેખિત દલીલમાં રૂપિયા ૭ લાખના બદલે રૂપિયા ૯ લાખ લખાઇ ગયેલ હોવાની રજૂઆત કરેલ છે, પરંતુ તે સંબંધિત કોઇ સુધારો કરેલ હોવાનું જણાતું નથી અને તેવા સુધારા અંગે કોઇ સુધારા નોટિસ અપાયેલ નથી કે તે સંબંધિત સુધારા કરવા પરવાનગી મેળવેલ હોવાનું જણાતું નથી. આ તબકકે તાજેતરમાં જ નામદાર સુપ્રીમ કોર્ટે કાવેરી પ્લાસ્ટીક વિરૂધ્ધ મહદુમ બાવા બહારૂની નુરૂલ, ૨૦૨૫ લાઇવ-લો (એસ.સી.) ૯૨૭ ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇએ તો તેમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, ડીમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ચેકની રકમથી અલગ હોય તો ફરિયાદ ટકવાપાત્ર રહેતી નથી. સદરહુ ચૂકાદાની હેડ નોટ અને પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે.

Negotiable Instrument Act, 1881 (NI Act) - Section 138 Proviso (b) - Principle of strict construction of penal statutes - Whether notice is valid where demanded amount differs from the cheque amount – Held, compliant under Section 138 is not maintainable if demand notice didn’t mention exact cheque amount and typo error cannot be a defence - If the amount mentioned in the demand notice varies from the cheque amount, then the complaint is not maintainable - The notice in terms of proviso being a provision in penal statute and a condition for the offence, it has to be precise while mentioning of the amount of the cheque which is dishonoured - Quashed complaint filed under Section 138 of NI Act on the above ground as the amount mentioned in the notice was not

same as per the cheque - Even if the cheque number mentioned in the notice was correct but amount was different, it created an ambiguity and differentiation about the ‘said amount’ - Notice stood bad in law - Section 138 being penal, must be strictly construed, no leniency allowed for errors in amount mentioned in legal notice as the offence is technical and procedural compliance is mandatory.

The Supreme Court has reiterated that for a complaint under Section 138 of the Negotiable Instruments Act, 1881, to be maintainable, the statutory notice of demand must precisely mention the cheque amount. If the amount mentioned in the demand notice varies from the cheque amount ,then the complaint is not maintainable.

"The notice to be issued under Proviso (b) to Section 138 of the NI Act must mention the same amount for which the cheque was issued. It is mandatory that the demand in the statutory notice has to be the very amount of the cheque," observed the Court.

The Hon'ble Supreme Court clarified that **a notice mentioning an amount different from the cheque amount, or failing to mention the cheque amount altogether, would be legally invalid.**

"A failure in above regard, namely when the cheque amount is not mentioned in the Proviso (b) notice or the amount different than the actual cheque amount is mentioned, in the notice, such notice would stand invalid in eye of law. The notice in terms of Proviso (b) being a provision in penal statute and a condition for the offence, it has to be precise while mentioning of the amount of the cheque which is dishonoured. Even if the cheque details are mentioned in the notice but corresponding amount of cheque is not correctly mentioned, it would not bring in law the validity for such notice,"

While the cheque was issued for an amount of Rs 1 lakh, the demand notice mentioned Rs 2 lakh. However, the cheque details were correct. The Court did not accept the complainant's defence that it was an inadvertent typographical error.

The judgment, after referring to various precedents, upheld the High Court's view and dismissed the appeal.

"The condition of notice under Proviso (b) is required to be complied with meticulously. Even typographical error can be no defence. The error even if typographical, would be fatal to the legality of notice, given the need for strict mandatory compliance," the Court observed.

In support, the Court referred Suman Sethi vs. Ajay K. Churiwal & Anr., (2000) 2 SCC 380 to reaffirm that the demand must be for the cheque amount alone, and additional claims like interest or costs must be clearly severable from the cheque amount, and not to be included towards the demand amount.

"There is no ambiguity or doubt in the language of Section 138. Reading the entire section as a whole and applying common sense, from the words, as stated above, it is clear that the legislature intended that in a notice under clause (b) to the proviso, the demand has to be made for the cheque amount.", the court said in Suman Sethi.

Applying the law to the present facts, the court said:

“The rigours of law on this score being strict, the defence would not hold good that the different amount mentioned in the notice was out of inadvertence. Even if the cheque number was mentioned in the notice, since the amount was different, it created an ambiguity and differentiation about the 'said amount'. The notice stood invalid and bad in law. The order of quashment of notice was eminently proper and legal.”

The Court also referred to Rahul Builders vs. Arihant Fertilizers & Chemicals & Anr (2008) 2 SCC 321, Dashrathbhai Trikambhai Patel vs. Hitesh Mahendrabhai Patel & Anr (2023) 1 SCC 578 etc.

(૧૮) ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટના કાવેરી પ્લાસ્ટીક વિરૂધ્ધ મહદુમ (સુપ્રા) ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેતા હાલના કિસ્સામાં પણ આંક-૭૩ ની ડીમાન્ડ નોટિસમાં રૂા.૯,૦૦,૦૦૦/- દર્શાવેલ છે જયારે આંક-૭૧ નો

ચેક, આંક-૧ ની ફરિયાદ, આંક-૫૩ ના સરતપાસના સોગંદનામામાં રૂા.૭,૦૦,૦૦૦/- દર્શાવેલ છે અને તે સંબંધિત કોઇ ચોકકસ ખૂલાસો રજૂ કરવામાં આવેલ નથી ત્યારે ડીમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ચેકની રકમથી અલગ હોય તો ફરિયાદ ટકવાપાત્ર નથી.

(૧૯) વધુમાં ફરિયાદ હકીકત મુજબ આરોપીએ તા.૩૧/૧૦/૨૦૦૯ ના રોજ લોન કોન્ટ્રાકટથી વાહન ખરીદી કરવા રૂા.૪,૨૫,૦૦૦/- ની લોન લીધેલ હતી અને લોનના એકાઉન્ટના સ્ટેટમેન્ટ મુજબ ઓવર ડયુના કાયદેસરના લેણા પેટે તા.૦૬/૧૨/૨૦૧૮ નો રૂા.૭,૦૦,૦૦૦/- નો ચેક આરોપીએ લખી આપેલ. આંક-૭૧ થી રજૂ થયેલ ચેક ધ્યાને લેતા તા.૦૬/૧૨/૨૦૧૮ નો રૂા.૭,૦૦,૦૦૦/- નો ચેક હોવાનું જણાય આવે છે. આ કામે ફરિયાદી તરફે સોગંદ ઉપરની સરતપાસ સાથે આરોપીનું લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ રજૂ રાખેલ છે, પરંતુ તે કોમ્પ્યુટર જનરેટેડ સ્ટેટમેન્ટ હોય સૌપ્રથમ તો ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું કોઇ પ્રમાણપત્ર રજૂ રાખવામાં આવેલ નથી. તેમજ તે દસ્તાવેજના તત્વો હાલના કેસમાં સાબિત કરેલ નથી. આંક પાડવાથી દસ્તાવેજ સાબિત થતો નથી. જેના ધ્વારા તે દસ્તાવેજ નિભાવવામાં આવતો હોય તેને તપાસી તેના તત્વો પુરવાર કરેલ નથી તેમ છતાં ફરિયાદ અને સરતપાસના સોગંદનામા અનુસંધાને આંક-૭૭ થી રજૂ થયેલ લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટ જોવામાં આવે તો ઓવર ડયુના રૂા.૭,૦૦,૦૦૦/- બાકી નીકળતા હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. જેથી ફરિયાદીના ઓવર ડયુની ચોકકસ કેટલી રકમ લેણી નીકળે છે તે શંકાસ્પદ બને છે. વધુમાં આંક-૯૮ થી રજૂ થયેલ લોન કમ હાઇપોથીકેશન એગ્રીમેન્ટ ધ્યાને લેવામાં આવે તો ફરિયાદી કંપની દ્વારા આરોપીને તા.૩૧/૧૦/૨૦૦૯ ના રોજ લોન આપવામાં આવેલ છે અને કુલ-૨૯ માસિક હપ્તા એટલે કે તા.૦૫/૦૪/૨૦૧૨ સુધી હપ્તા ભરપાઇ કરવાના હતા તેવું દર્શાવવામાં આવેલ છે. ફરિયાદીએ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ પાંચ હપ્તા ભરેલા છે. ફરિયાદીએ તેની ફરિયાદમાં ઓવર ડયુના કાયદેસરના લેણા પેટે

તા.૦૬/૧૨/૨૦૧૮ નો ચેક આપેલ હોવાનું જણાવેલ છે, પરંતુ આરોપીએ લોન મેળવ્યા બાદ હપ્તા ભરવાનું બંધ કરી દીધેલ હતું તો સને ૨૦૦૯ ની લોન આપ્યા બાદ સને ૨૦૧૮ સુધી તે અંગે કોઇ કાર્યવાહી કરેલ હોય કે નોટિસ આપવામાં આવેલ હોય તેવું જણાતું નથી અને તા.૦૬/૧૨/૨૦૧૮ નો ચેક આરોપી પાસેથી મેળવેલ છે. જેથી ફરિયાદીએ આરોપીને તા.૩૧/૧૦/૨૦૦૯ ના રોજ લોન આપેલ હતી અને તે લોનના કુલ-૨૯ હપ્તા આરોપીએ ભરપાઇ કરવાના હતા અને આરોપીએ પાંચ હપ્તા ભરપાઇ કરેલા અને ત્યારબાદ હપ્તા ભરપાઇ કરવાનું બંધ કરેલ હતું. ફરિયાદની ઉલટતપાસ પરથી આરોપીએ હપ્તો ભરવાનું તા.૧૬/૦૭/૨૦૧૦ થી બંધ કરી દીધેલ હતું તેવું સ્વીકારેલ હોય તેથી ત્યારથી ત્રણ વર્ષની સમયમર્યદામાં ફરિયાદીએ સદરહુ લેણા અંગેની માંગણી કરવી જોઇએ પરંતુ ૯ વર્ષના સમયગાળા બાદ તા.૦૨/૦૧/૨૦૧૯ ના રોજ ડીમાન્ડ નોટિસ આપેલ છે. જેથી વાદીનું લેણું સમયમર્યદાના બહારનું હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. સમય મર્યાદાના કાયદાની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો નાણાં પરત મેળવવા સંબંધેના દાવા ત્રણ વર્ષની મર્યાદામાં કરવા જોઇએ તેવી સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે હાલના કિસ્સામાં જોવામાં આવે તો ત્રણ વર્ષ કરતા વધુ સમયગાળા બાદ ફરિયાદી ધ્વારા બાકી લેણા અંગે નોટિસ આપવામાં આવેલ છે અને ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે ત્યારે ફરિયાદીની ફરિયાદ ટકવાપાત્ર રહેતી નથી. ફરિયાદીએ પોતાની દલીલના સર્મથનમાં એસ. નટરાજન વિરૂધ્ધ સમા ધર્મન, ૨૦૧૪ લોસ્યુટ (એસ.સી.) ૮૮૦ નો ચૂકાદો રજૂ રાખેલ છે. સદરહુ ચૂકાદો માનપૂર્વક વંચાણે લેવામાં આવેલ છે, પરંતુ સદરહુ ચૂકાદાના કેસની હકીકત અને હાલના કેસની હકીકત ભિન્ન ભિન્ન હોય ફરિયાદીને મદદરૂપ થાય તેમ નથી. કારણ કે સદરહુ ચૂકાદામાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૮૨ મુજબ ફરિયાદ પ્રાથમિક તબકકે જ કવોશીંગ કરવામાં આવેલ હતી જયારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે સમગ્ર પુરાવો પુરાવો રજૂ કર્યા બાદ દલીલોના અંતે ન્યાયિક નિર્ણય કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં સદરહુ ચૂકાદાના સિધ્ધાંત હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી. વધુમાં ફરિયાદી કંપનીનું ચોકકસ કેટલું લેણું

બાકી હતું તે હકીકત ફરિયાદ તથા સોગંદનામામાં આ બાબતે કોઇ હકીકત જણાવેલ નથી અને આવી કોઇ હકીકત સ્પષ્ટ પુરવાર થતી નથી. જેથી ફરિયાદીનું લોનના ચડત થયેલ હપ્તા અંગે કાયદેસરનું લેણું ચોકકસ કેટલું હતું તે હકીકત શંકાસ્પદ બને છે.

(૨૦) વધુમાં બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા લીધેલ મહત્વના બચાવમાં આરોપીએ વાહન લોન લીધેલ તેના સિકયુરીટી પેટે જે ચેક આપેલ તેનો દુરૂપયોગ કરી હાલની આ ફરિયાદ કરેલ હોવાનો બચાવ લીધેલ છે, તે સંદર્ભે જોવામાં ઓ તો ફરિયાદીએ તેઓની ફરિયાદમાં કે સરતપાસમાં આ કામના અરોપીએ ચોકકસ કઇ તારીખે, કયા મહિનામાં અને કયા વર્ષમાં ફરિયાદ વાળો ચેક ઓફિસ ઉપર આપવા માટે આવેલા તે હકીકત પણ દર્શાવવામાં આવેલ નથી. નામદાર ગુજરાત હાઇકોર્ટના મેસર્સ બજાજ ફાયનાન્સ લીમીટેડ વિરૂધ્ધ પુજા નારાયણ ખેતાન ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી છે, સદરહુ ચૂકાદાના પારા નં.૫ માં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

5. Keeping in mind the afore stated principles, if the facts of the present case are appreciated, it appears that the complainant had alleged inter alia in the complaint that the respondents- accused had taken a loan of Rs.1,39,40,000/- on 30/04/2011, and had given the cheque in question for Rs.4,31,664/- on 09.10.2018. The said cheque on being presented in the Bank, was dishonoured with the endorsement of 'insufficient fund'. So far as the defence put forth by the respondents- accused was concerned, it was contended that they had not taken any loan as alleged and that the blank cheque signed by the accused given by way of security, has been misused by the complainant - company. It is pertinent to note that the Mr. Aniket Desai on behalf of the complainant - company was examined at Exh. 4. In his cross-examinationm, he had admitted that he was working in the complainant - company since July, 2018 and that he did not have any personal knowledge abour the loan transaction, as the loans were being given by the sales department of his company. He had also admitted that he had not produced any document in support of the alleged loan transaction entered into with the accused. Now, it cannot be gainsaid that it is for the complainant to prove that the cheque in question was issued by the accused towards the legally recoverable dues of the blank cheque given

by way of security was misused by the complainant, the burden had shifted on the complainant to prove by producing cogent evidence that the amount of cheque in question was the legally recoverable amount from the accused.

(૨૧) આમ, નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપરોકત ચૂકાદાના સિધ્ધાંત અનુસાર જયારે આરોપીના સિકયુરીટી પેટે આપેલા કોરા ચેક ફરિયાદી ધ્વારા મીસયુઝ કરેલાનો બચાવ લેવામાં આવેલ હોય ત્યારે ફરિયાદી ઉપર તે હકીકત પુરવાર કરવાનું બર્ડન આવે છે કે, ચેકમાં લખાયેલ રકમ આરોપી પાસેથી કાયદેસર વસૂલવાપાત્ર રકમ હતી. હાલના કેસમાં તકરારી ચેક ઉપર આરોપીની સહી હોવા અંગે કોઇ વિવાદ નથી. ફરિયાદ પક્ષ તરફે તેઓના વિ.વકીલશ્રી ધ્વારા નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૨૦ મુજબ અધુરી વિગતવાળું ઇન્સ્ટ્રુમેન્ટ સહી કરીને આપતાની સાથે જ બીજી વિગતો ભરવાના અધિકાર ઇન્સ્ટ્રુમેન્ટ ધારકને મળે છે. જો કે ચેક જે તારીખે જમા કરાવવામાં આવેલો તે તારીખે ચેક મુજબની રકમનું લેણું કાયદેસર ફરિયાદીનું આ કામના આરોપી પાસેથી વસૂલવાપાત્ર થતું હતું તેવું દર્શાવવું જોઇએ. હાલના કેસમાં ફરિયાદીએ તેઓની ફરિયાદ કે સોગંદ ઉપરની સરતપાસમાં આરોપીએ ફરિયાદી કંપનીના લોનના કાયદેસરના લેણા પેટે તકરારી ચેક આપેલ હતો તેટલી જ હકીકત દર્શાવેલી છે, પરંતુ કઇ તારીખે, કયા મહિનામાં અને કયા વર્ષમાં ફરિયાદ વાળો ચેક ફરિયાદીની ઓફિસે રૂબરૂ આપવામાં આવેલ તે હકીકત દર્શાવવામાં આવેલી નથી. વધુમાં આરોપીએ લોન પેટેના કેટલા હપ્તા અને કેટલી રકમના હપ્તા ચૂકવવાના હતા તેવી કોઇ હકીકત નોટિસ, ફરિયાદ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. જે હકીકતથી આરોપીને લોનના રકમની ભરપાઇ માટે કોઇ સંપર્ક કરવામાં આવેલ હોય કે નોટિસ આપવામાં આવેલ હોય તેવો કોઇ પુરાવો હાલના કેસમાં રજૂ કરવામાં આવેલ નથી. આમ, સમગ્ર હકીકતોને ધ્યાને લેતા બચાવ પક્ષ રીબર્ટલ પુરાવાથી કલમ-૧૧૮ અને ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલ હોય ફરિયાદ પક્ષ ઉપર આવેલ બોજો ફરિયાદીએ પુરવાર કરેલ ન હોય

મુદા નં.૧ પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

(૧) આ કામના આરોપી સુભાષભાઇ ખીમાભાઇ ઓડેદરા, રહેવાસી : માણેકવાડા, તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ વાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૫(૧) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ કામના આરોપીએ નામદાર એપેલેટ કોર્ટમાં અપીલ થયેથી હાજર રહેવા માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૪૩૭(એ) મુજબ ૬(છ) માસ માટેના રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૨મી, માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૧૨/૦૬/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. (GJ-00862)